પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૭ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૯-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## બધુ દિલ્હીથી નહીં થાય, અમુક કામ લોકલ લેવલ પર મેયરોએ કરવા પડશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

### ૨૫ વર્ષ માટે શહેરી વિકાસનો રોડમેપ તૈયાર થશે, ૧૮ રાજ્યોમાંથી ૧૧૮ મહાનગરોના મેયરો સાથે મોદીએ સંવાદ કર્યો.



નવીદિલ્હી,

વડાપ્રધાન મોદીએ મેયર કોન્ફરન્સમાં વર્ચ્યુઅલ સંબોધન કર્યુ હતું. વડાપ્રધાને કહ્યું કે આ કાર્યક્રમની કલ્પના કરી એ મોટી વાત છે. વિકાસનો રોડમેપ તૈયાર કરવા માટે આ સમિટ મહત્વની છે. શહેરીજનોએ વિકાસ માટે ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે. આ વિશ્વાસ યથાવત રહે તે આપણી જવાબદારી છે. વિકાસના કામો એવા કરો કે લોકો વર્ષો સુધી યાદ રાખે.

વડાપ્રધાને કહ્યું કે ૨૫ વર્ષ માટે શહેરી વિકાસનો રોડમેપ બનાવાશે. નાગરિકોની સુવિધાની જવાબદારી મહાનગર પાલિકા અને નગરપાલિકાની છે. સાથે જ કહ્યું સબકા સાથ સબકા વિકાસ સાથે સબકા પ્રયાસ પણ જરૂરી છે. સાર્થક પરિણામ મેળવવા માટે પ્રયાસ કરવા જોઈએ. દરેક મેયરે પોતાના શહેરનો વિકાસ કરવાનો છે. વિકાસ યોજનાબદ્ધ અને માનવકેન્દ્રીય હોય તે જરૂરી હોવાનું પણ કહ્યું વડાપ્રધાને કહ્યું કે શહેરી ગરીબોના વિકાસ માટે ૮ વર્ષમાં ૨ લાખ કરોડ અપાયા છે. મહત્વનું છે કે ૧૮ રાજ્યોમાંથી ૧૧૮ મહાનગરોના મેયરો જોડાયા હતા.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ભાજપ છેલ્લાં ૨૭ વર્ષથી સતત ગુજરાતમાં શાસનની ધુરાં સંભાળી રહ્યું છે. અને આવખતે પણ પોતાની સત્તા જાળવી રાખવા માટે ચૂંટણીની તડામાર તૈયારીઓમાં લાગેલું છે. જેના ભાગરૂપે ભાજપ દ્વારા ગુજરાતમાં બે દિવસીય રાષ્ટ્રીય મેયર કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ ઉપસ્થિતિ રહીને વિવિધ પાસાઓ પર વાત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી હાજરી આપીને મેયરોએ શું કામગીરી કરવી જોઈએ તેની શીખ આપી હતી.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ મેયરોને એવી પણ ટકોર કરી હતીકે, બધુ દિલ્લીથી ન થઈ શકે, અમુક કામ લોકલ લેવલ પર મેયરોએ, સ્થાનિક તંત્ર અને રાજ્ય સરકારોએ પણ કરવાના હોય છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, એક સમય અમદાવાદ મ્યુનિસિપાલીટીમાં મેયર તરીકે સરદાર પટેલ બેસતા હતાં. બાદમાં તેઓ દેશના નાયબ પ્રધાનમંત્રી પણ બન્યાં. તેમણે અમદાવાદ માટે ઘણાં કામો કર્યાં છે. ત્યારે ભાજપના મેયરોએ આ વારસો જાળવી રાખવાનો છે. ભાજપના મેયરોનું કામ બીજા કરતા અલગ તરી આવવું જોઈએ.

પ્રધાનમંત્રી મોદીએ ભાજપના મેયરોને સલાહ આપી છે કે મેયર એ શહેરનો વડો હોય છે શહેરની સુખાકારી અને શાંતિની જવાબદારી મેયરની હોય છે,શહેરમાં ક્યાંય કોઈ ગંદકી ન થાય સરકારી પ્રોપર્ટીને કોઈ નુકસાન ન થાય તેનું ધ્યાન પણ મેયરે રાખવું જોઈએ.,મેયરે સતત શહેરના વિકાસને આર્થિક વિકાસ સાથે કઈ રીતે જોડી શકાય તેની ચિંતા અને ચિંતન કરવું જોઈએ., જૂની ઈમારતો પડી ન જાય તેનાથી કોઈ અકસ્માત ન થાય તેની તકેદારી પણ મેયરે રાખવી જોઈએ.,બિલ્ડિંગોમાં આગના બનાવો વધી રહ્યાં છે. ત્યારે બિલ્ડીંગમાં આગના બનાવો ન બને તેની તકેદારી પણ રાખવી જોઈએ. તેના કારણોના મૂળ સુધી પહોંચીને સમસ્યાનું નિદાન કરવું જોઈએ.,મેયરે પોતાના શહેનો જન્મદિવસ ઉજવીને તે અંગે લોકોને જાગૃત કરવા જોઈએ.,દરેક શહેરમાં પોતાના શહેરની વિશેષતા દર્શાવતું મ્યુઝિયમ બનાવવું જોઈએ. શહેરનું સીટી મ્યુઝિયમ બનાવી શહેર વિશેનો ઈતિહાસ બતાવવો જોઈએ.

આ ઉપરાંત મોદીએ જણાવ્યું હતું કે મેયરે શહેરની સ્ટ્રીટ લાઈટોનું મોનિટરિંગ કરવું જોઈએ અને તેનું નિયમિત ઓડિટ પણ રાખવું જોઈએ.,દબાણો દૂર કરીને શહેરને સ્વચ્છ બનાવવાની જવાદારી પણ મેયરની છે., મોટા શહેરો પરથી ભારણ ઘટાડવા માટે મેયર અને ચૂંટાયેલી પાંખે તેની નજીકમાં નાના-નાના ટાઉન ડેવલપ કરવા જોઈએ. શહેરી વિકાસની વાત હોય ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સૌથી વધારે ભાર મુકવો જોઈએ. બગીચાઓની જાળવણી માટે સ્થાનિક કક્ષાએ લોકોને જવાબદારી સોંપીને તેમની કમીટી બનાવવી જોઈએ., દરેક કામમાં લોકભાગીદારી કરીને યુવાઓને નેતૃત્વ અને દિશા આપીને તેમની પાસે કામ કરાવવું જોઈએ., ટૂરિઝમ સેક્ટરને વેગ મળે તે દિશામાં દરેક મેયરે કામ કરવાની જરૂર છે., પંચાયત, પાલિકા, નગર પાલિકા અને મહાનગર પાલિકાએ સરકાર છે. સીધી રીતે સરકારનો ચહેરો છે. લોકો સમક્ષ તેની છબિ સારી હોવી જોઈએ. ઝુપડપટ્ટી માટે ગરીબ આવાસ યોજનાઓ અંગે લોકોને જાગૃત કરવા જોઈએ. મધ્યમ વર્ગના વિવિધ પ્રશ્નોને વાંચા આપવાનો પ્રયાસ પણ મેયર અને ચૂંટાયેલી પાંખે કરવો જોઈએ.

મોદીએ લારી-રેકડી વાળાઓ માટે દરેક શહેરમાં ખાસ આયોજન કરવું જોઈએ અને . તેમને કેન્દ્ર સરકાર દ્વારા અપાતા લાભની જાણકારી આપવી જોઈએ તેવું મેયરોનો જણાવ્યું હતુ આ ઉપરાંત તેમણે આર્થિક વ્યવસ્થાઓ વધે તેનું ધ્યાન મેયરે રાખવું જોઈએ. શહેરોના પ્લાનિંગનું પણ વિકેન્દ્રીકરણ કરવું જોઈએ. દરેક વોર્ડમાં દર મહિને સ્માર્ટ વોર્ડ કોમ્પિટિશન રાખવી જોઈએ. જેના કારણે શહેર હંમેશા સુશોભિત રહે.તેવું આયોજન કરવા આહ્વાન કર્યું હતું.

### વડોદરામાં કેજરીવાલનો વાયદો

## ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો જૂની પેન્શન યોજના લાગુ કરીશું : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ




વડોદરા,

કેજરીવાલ આજે ગુજરાત આવ્યા હતાં અને ગુજરાત સરકારની દુખતી નસ દબાવવાનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતમાં સરકારી કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી કરી રહ્યાં છે. હું ગેરંટી આપું છું કે, જો આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતમાં બનશે, તો અમે જૂની પેન્શન લાગુ કરીશું. ગઈકાલે પંજાબના મુખ્યમંત્રીએ પણ જૂની પેન્શન યોજના અમલી બનાવવા કામગીરી શરૂ કરી દીધી છે. કોઈપણ રાજ્યમાં ચૂંટણીમાં જીતાડવા કે હરાવવા માટે તે રાજ્યના સરકારી કર્મચારીઓ મોટી ભૂમિકા ભજવે છે.

આ દરમ્યાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, મને બીજેપી પર દયા આવે છે. એમના જેવી નિકકમી પાર્ટી મે ક્યારેય જોઈ નથી. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી ગુજરાત આવે ત્યારે મોદીના નારા નથી લાગતા હું ગુજરાત આવું ત્યારે ભાજપ-કોંગ્રેસ મારી વિરુધ નારા લગાવે છે.

કેજરીવાલે એરપોર્ટ પર મોદી મોદીના નારા અંગે જણાવ્યું હતુ કે મારી સામે મોદી મોદીના નારા લાગ્યા હતા આ મામલે પણ કેજરીવાલ આક્રમક બન્યા હતા. જેઓએ કહ્યુ હતું કે, મને રાજકારણ નથી આવડતું. હવે ભાજપને તેમની મજબૂત સીટો પર હારનો ડર લાગી રહ્યો છે. એમની જે મજબૂત ૬૬ સીટો છે એમાંયે એ હારવાના છે. એમાં પણ અમે સેંધ મારવાના છીએ. અત્યાર સુધી ભાજપે મારા પર ૧૬૯ કેસ કર્યાં છે. પરંતુ મને કોઈ ફરક પડતો નથી. કારણ કે મને રાજનીતિ નથી આવડતી મને લોકોના કામ કરતા આવડે છે.

તેમણે વધુમાં કહ્યું કે, પંજાબમાં ભગવંત માન ખૂબ સારુ કામ કરી રહ્યા છે. ભગવંત માનને પ્લાનમાંથી ઉતારી દેવાની વાત બિલકુલ ખોટી હોવાનું અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું.

છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતમાં સરકારી કર્મચારીઓ વિરોધપ્રદર્શન કરી રહ્યા છે. તેઓ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માગણી કરી રહ્યાં છે. હું ગેરંટી આપું છું કે જો આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતમાં બનશે તો અમે જૂની પેન્શન લાગુ કરીશું. ગઈકાલે પંજાબના મુખ્યમંત્રીએ પણ જૂની પેન્શન યોજના અમલી બનાવવા કામગીરી શરૂ કરી દીધી છે. કોઈપણ રાજ્યમાં ચૂંટણીમાં જિતાડવા કે હરાવવા માટે એ રાજ્યના સરકારી કર્મચારીઓ મોટી ભૂમિકા ભજવે છે. હવે ગુજરાત સરકારને અહંકાર આવી ગયો છે, હવે આ સરકારની હટાવવી જરૂરી છે. અમે તમારી પાસે એક જ મોકો માગીએ છીએ.

કેજરીવાલે કહ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ મને અપશબ્દો કહે છે. બંનેની ભાષા પણ એક જ છે. મારો વાંક શું છે? હું ગુજરાતની મોંઘવારી દૂર કરવાની વાત કરું છું. હું શિક્ષણ અને મેડિકલ સુવિધાઓ મફત આપવા માગું છું. અમે ગુજરાતના લોકોની ભલાઈની વાત કરીએ છીએ. હવે બંને પક્ષ મારી સામે મોટા નેતાઓ ઉતારશે.

આ વર્ષના અંતમાં ભાજપ શાસિત ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આપ નેતાએ લોકો સુધી પહોંચવા માટે તાજેતરના ભૂતકાળમાં ઘણી વખત રાજ્યની મુલાકાત લીધી છે. પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહના ગૃહ રાજ્યમાં સતત ૨૭ વર્ષથી ભાજપની સરકાર છે. મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ સિવાય આ વખતે દિલ્હી અને પંજાબમાં સરકાર ચલાવી રહેલી આપ પણ પુરી તાકાતથી ચૂંટણી લડી રહી છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તાજેતરના સમયમાં મહિલાઓને મફત વીજળી, રોજગાર અને દર મહિને ૧૦૦૦ રૂપિયાની માસિક મદદ જેવા ઘણા વચનો આપ્યા છે.

## જમ્મુ-કાશ્મીર પોલીસને ૨૪૮ કરોડ રૂપિયાના અત્યાધુનિક હથિયારોની મંજૂરી મળવાની શક્યતા



નવીદિલ્હી,

જમ્મુ-કાશ્મીરમાં સરહદની પેલે પારથી આતંકીઓની ઘુસણખોરી સતત ચાલતી હોય છે. ત્યારે આ વિસ્તારમાં સક્રિય આતંકીઓ પાસે પણ ચીન અને પાકિસ્તાનના આધુનિક હથિયારોનો સપ્લાય ચાલતો હોય છે. તેવામાં આ આતંકીઓ સાથે સતત ઘર્ષણમાં રહેતી જમ્મુ-કાશ્મીર પોલીસને પણ હવે અત્યાધુનિક હથિયારો મળશે. આ માટે ૨૪૮ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

માનવામાં આવી રહ્યુ છે કે, આ હથિયારોની મદદથી પોલીસ જવાનોને આતંકીઓ સામે હુમલામાં ખૂબ જ મદદરૂપ થશે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર પોલીસે થોડા સમય પહેલાં જ હથિયારો મામલે ગૃહ મંત્રાલયમાં પ્રસ્તાવ મોકલ્યો હતો. ત્યારે હવે ૧૯ સપ્ટેમ્બરે ગૃહ મંત્રાલયની એક બેઠક યોજાશે, તેમાં જમ્મુ કાશ્મીર પોલીસના મહાનિદેશક દિલબાગ સિંહ તેમજ ગૃહ મંત્રાલય વિભાગના અધિકારીઓ સામેલ થશે. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીર પોલીસને અંદાજે ૨૪૮ કરોડ રૂપિયાના નવા હથિયાર ખરીદવા માટે મંજૂરી મળે તેવી શક્યતા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે જમ્મુ-કાશ્મીર પોલીસની કેટલીક વિંગ વચ્ચે સતત અથડામણ ચાલુ જ હોય છે. પરંતુ તેમાં આધુનિક હથિયારો સહિત અન્ય ઉપકરણોની ઉણપ સર્જાય છે, તેને હવે પરિપૂર્ણ કરવાની તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કાશ્મીર ખીણમાં છેલ્લા એક વર્ષમાં કેટલાંય આતંકવાદીઓને ઠાર કર્યા છે. તેમાં આતંકીઓનો ટોપ કમાન્ડર પણ સામેલ છે. ત્યાં જ એલઓસી પર ઘુસણખોરીની કોશિશ દરમિયાન પણ કેટલાક આતંકવાદીઓ ઠાર મરાય છે. ત્યારે તેમની પાસેથી મળતા હથિયારો જોઈને એવું લાગે છે કે ચીન અને પાકિસ્તાન તેમને હથિયારો પૂરા પાડે છે. ત્યારે હવે પોલીસને પણ તેમની સામેની અથડામણમાં અત્યાધુનિક હથિયારોની જરૂરિયાત પડી છે. એવામાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં મોકલેલા પ્રસ્તાવને મંજૂરી મળવાની છે અને નવા અત્યાધુનિક હથિયારો સાથે હવે પોલીસ આતંકી સામે લડવા માટે તૈયાર છે. કાશ્મીર સહિત જમ્મુ પ્રાંતના સરહદી વિસ્તારમાં ઘુસણખોરી રોકવા માટે હથિયારોની સાથે ડ્રોન, એન્ટી ડ્રોન ગન, ઈનફિલટેરશન ગ્રીડની સાથે સામાન અને બુલેટ પ્રુફ વાહનની જરૂર છે.

## મફત રાશન યોજનાને વધુ લંબાવવા અંગે ટૂંકમાં નિર્ણય લેવાશે : સરકાર

નવીદિલ્હી,

સરકાર ગરીબોને મફત રાશન આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને ૩૦ સપ્ટેમ્બરથી આગળ લંબાવવાનો ટૂંક સમયમાં નિર્ણય લેશે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના માર્ચ, ૨૦૨૦ માં શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટમાં સમાવિષ્ટ લગભગ ૮૦ કરોડ લોકોને દર મહિને પાંચ કિલો અનાજ મફત આપવામાં આવી રહ્યું છે. ખાદ્ય સચિવ સુધાંશુ પાંડેએ સોમવારે માહિતી આપી હતી કે ગરીબોને મફત રાશન આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ને ૩૦ સપ્ટેમ્બર પછી પણ લંબાવવાનો નિર્ણય સરકાર ટૂંક સમયમાં લેશે. જોકે, આ અંગે ક્યારે નિર્ણય લેવામાં આવશે તે તેમણે સ્પષ્ટ કર્યું નથી. કોવિડ-૧૯ મહામારીને કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન ગરીબ પરિવારોને આનાથી ઘણી મદદ મળી હતી. આ NFSA હેઠળ સામાન્ય રીતે કરાતી ફાળવણી કરતા વધારે છે. આ યોજના ઘણી વખત લંબાવવામાં આવી છે અને હવે તે ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય છે. યોજનાને આગળ લંબાવવા બાબતે પૂછતાં પાંડેએ પત્રકારોને જણાવ્યું હતું કે સરકારે આ અંગે નિર્ણય લેશે. તેઓ રોલર ફલોર મિલર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની વાર્ષિક સામાન્ય સભાના પ્રસંગે બોલતા હતા. સરકારે માર્ચમાં યોજનાને બીજા છ મહિના માટે એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી લંબાવી હતી. સરકારે આ યોજના પર માર્ચ સુધી લગભગ રૂ. ૨.૬૦ લાખ કરોડનો ખર્ચ કર્યો છે અને સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં અન્ય રૂ. ૮૦,૦૦૦ કરોડનો ખર્ચ થશે. આનાથી કુલ ખર્ચ આશરે રૂ. ૩.૪૦ લાખ કરોડ થઈ જશે. આ યોજનામાં લગભગ ૮૦ કરોડ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

## વડાપ્રધાનની મુલાકાતને લઈ યુદ્ધના ધોરણે તૈયારીઓ, પ્રથમ વખત ભાવનગરમાં ભવ્યાતિભવ્ય રોડ-શોનું આયોજન

ભાવનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૯ સપ્ટેમ્બરે ભાવનગરની મુલાકાતે આવી રહ્યાં છે. વડાપ્રધાન કરોડો રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. તો વડાપ્રધાન ભાવનગર ખાતે ભવ્ય રોડ શો યોજીને જવાહર મેદાન ખાતે સભા સંબોધશે. વડાપ્રધાન મોદીના આગમનને લઈ અમરેલી, બોટાદ, ભાવનગર જિલ્લાના અધિકારીઓ અને ટોચના આગેવાનોની કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

જેમાં વડાપ્રધાનની સભામાં બે લાખથી વધુ લોકો જોડાય તેવી સંભાવના છે. જેને પગલે વહીવટી તંત્રએ યુદ્ધના ધોરણે તૈયારીઓ હાથ ધરી છે. તો વડાપ્રધાન મોદીના બેથી અઢી કિલોમીટરના ભાવનગરમાં પ્રથમ વખત યોજાનારા રોડ શોને ભવ્યાતિભવ્ય બનાવવામાં આવશે. પીએમના રોડ શો દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ બાકી છે, ત્યારે મહતમ બેઠકો હાંસલ કરવા દરેક રાજકીય પાર્ટીઓ એડી ચોટીનુ જોર લગાવી રહી છે.રાજ્યમાં આ વખતે આપ પણ મેદાનમાં છે, ત્યારે ત્રિપાંખિયો જંગ જામશે.આ બધાની વચ્ચે ગુજરાતમાં ૨૭ વર્ષથી શાસન કરી રહેલી ભાજપ પણ એક્શનમાં જોવા મળી રહી છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહ સહિતના નેતાઓના ગુજરાત પ્રવાસ વધી રહ્યા છે. મળતી માહિતી મુજબ વડાપ્રધાન મોદી ફરી એકવાર ગુજરાત આવશે. ૫ દિવસની ગુજરાત મુલાકાત દરમિયાન તેઓ ૧૨ થી વધુ જનસભા સંબોધી શકે છે.

## ગુજરાત ચૂંટણી પહેલા કોંગ્રેસ અને NCP વચ્ચે ગંઠબંધન થશે

ગાંધીનગર,

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં પડઘમ વાગી ગયા છે. રાજકીય પક્ષો ગુજરાતમાં ચૂંટણી લડવા સક્રિય થઈ છે. ભાજપ અને કોંગ્રેસ બાદ હવે એનસીપી પણ ગુજરાત વિધાનસભા ચૂંટણી લડવા જોર લગાવી રહી છે. ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગંઠબંધન ચર્ચાઓ ચાલી રહી છે. ૨૦૨૨ ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપી બન્ને ગંઠબંધનથી ચૂંટણી લડશે. સત્તાવાર રીતે આવતી કાલે કોંગ્રેસ અને એનસીપીની સંયુક્ત પત્રકાર પરિષદ યોજી જાહેરાત કરશે. વિધાનસભા કોંગ્રેસ પક્ષ ઉપનેતા શૈલેષ પરમારે મ્હોર મારતા ખાસ વાતચીત કરતા જણાવ્યુ હતું કે, કોંગ્રેસ અને એનસીપીના નેતાઓ સાથે બેઠક દોર ચાલી રહ્યો છે. ભૂતકાળમાં પણ એનસીપી સાથે કોંગ્રેસનું ગંઠબંધન થયું છે. યુપીએ સરકાર હોય કે, પછી મહારાષ્ટ્ર સરકારમાં પણ કોંગ્રેસ અને એનસીપી સાથે ગંઠબંધન થયું હતું. વર્ષોથી કોંગ્રેસ પક્ષ અને એનસીપીના સાથે ગંઠબંધન રહ્યા છે. વધુમાં પરમારે જણાવ્યુ હતું કે, કેટલી બેઠક પર ચૂંટણી એનસીપી લડશે તે અંગે હાલ ચર્ચા ચાલી રહી છે. એનસીપી તરફથી ભલે ૧૦ બેઠક માગવામા આવી હોય પરંતુ ભવિષ્યમાં મોવડી મંડળ નક્કી કરશે કે કેટલી બેઠક એનસીપીને આપવી. હાલ બેઠક લઇ કોઇ ચર્ચા થઇ નથી. માત્ર ગંઠબંધન પર ચર્ચા થઇ છે. ભુતકાળમા એનસીપીના ધારાસભ્યો દ્વારા રાજ્યસભાની બે ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું હતું. પરંતુ તે ક્રોસ વોટિંગ વ્યક્તિગત હોઈ શકે છે. પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ શરદ પવાર અને સોનિયા ગાંધીના સંબંધના પગલે ગુજરાતમા પણ ગંઠબંધન શક્ય થશે. નોંધનીય છે કે, ભુતકાળમાં એનસીપી દ્વારા રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરાયું હતું. ૨૦૧૭ ચૂંટણી કોંગ્રેસ પક્ષે છેલી ઘડીએ ગંઠબંધન તોડ્યું હતું. અહેમદ પટેલ અને ભરતસિંહ સોલંકી રાજ્યસભા ચૂંટણી વખતે ક્રોસ વોટિંગ કરાયું હતું. ત્યારે ફરી એકવાર ૨૦૨૨ ગંઠબંધન થાય છે તો શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કે. સી. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. ગોઠલી, તા. ઘોઘંબા, જી. પંચમહાલ


## બહુચર્ચિત બિલ્કિસ બાનુ કેસના સાક્ષીને મળી જાનથી મારી નાખવાની ધમકી, સાક્ષીએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખી મદદ માગી

નવીદિલ્હી,

ગુજરાત સરકારે બહુચર્ચિત બિલ્કિસ બાનુ કેસના આરોપીઓને જેલ મુકત કર્યા છે. ત્યારે આ આરોપીઓ પૈકી એક આરોપીએ સાક્ષીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના સમાચાર સામે આવ્યા છે. જેને લઈને સાક્ષીએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ પાસે સાક્ષીઓએ મદદ માગી છે. તાજેતરમાં જેલમુક્ત થયેલા આરોપી રાધેશ્યામ ઉર્ફે લાલો ભગુ શાહે ધમકી આપી હોવાનો સાક્ષીએ આરોપ લગાવ્યો છે.

ગુજરાત સરકારે બિલ્કિસ બાનુ કેસના આરોપીઓને જેલ મુક્ત કર્યા છે. સરકારના આ નિર્ણયના વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટમાં અરજી થયેલી છે. આ અંગેનો કેસ ચાલી રહ્યો છે. ત્યારે આ દરમિયાન બિલ્કિસ બાનુ કેસના એક સાક્ષીને આરોપી રાધેશ્યામ ઉર્ફે લાલો ભગુ શાહે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના સમાચાર સામે આવ્યા છે. કેસના સાક્ષીને ગામ બહાર કાઢી મુકીને માર મારવાની ધમકી આપવામાં આવી છે. સાક્ષીના નિવેદન અનુસાર આરોપી રાધેશ્યામ ઉર્ફે લાલો ભગુ શાહે ધમકી આપી છે કે, 'અમે જેલમાંથી બહાર આવી ગયા, હવે તમારે ગામ બહાર જવાનો સમય આવ્યો છે'.

## કર્મચારીને પેન્શન આપવાનો ઈનકાર ખોટું પગલું : સુપ્રીમ કોર્ટ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, 'પેન્શન આપવાનો ઈનકાર ખોટું પગલું છે' અને તેના માટે નિવૃત્ત કર્મચારીને ખાવા પડતા કોર્ટના ધક્કા અને નાણાકીય ખર્ચને નજર અંદાજ કરી શકે નહીં. આમાં નાણાકીય અવરોધ સામેલ હોઇ શકે છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, કાયદામાં સ્પષ્ટ છે કે સરકાર પેન્શન સહિતના નાણાકીય નિયમો ઘડે ત્યારે તેના એકથી વધુ અર્થઘટન થઈ શકે અને એ?વું થાય ત્યારે કોર્ટનો ઝોક કર્મચારીની તરફેણમાં હોય એવા અર્થઘટન તરફ હોવો જોઈએ.

જસ્ટિસ ઈંદિરા બેનરજી અને જે કે માહેશ્વરીની બેન્ચે હાઈકોર્ટના આદેશ સામે રાજસ્થાન સરકારની અપીલ ફગાવી દીધી હતી. જેમાં રાજ્યના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ ભૂતપૂર્વ આસિસ્ટન્ટ ડિરેક્ટર (એગ્રો ઈન્ડસ્ટ્રીઝ)ને પેન્શન આપવાના સિંગલ જજના ચુકાદાને પડકારતી રાજ્ય સરકારની અરજીને ફગાવી દેવામાં આવી હતી.

બન્ચે જણાવ્યું હતું કે, 'આ કેસમાં રિટ પિટિશન કરનાર પેન્શનનો દાવો કરે છે, જે આજીવન મળતો લાભ છે. પેન્શન આપવાનો ઈનકાર ખોટું પગલું છે. આ કોર્ટ નિવૃત્ત કર્મચારીને કોર્ટમાં ન્યાય માંગવા માટે ખાવા પડતા ધક્કાને પણ નજર અંદાજ કરી શકે નહીં. જેમાં નાણાકીય ખર્ચ પણ સામેલ છે.' કોર્ટે વધુમાં જણાવ્યું હતુંકે, 'કાયદામાં સ્પષ્ટ છે કે સરકાર પેન્શન સહિતના નાણાકીય નિયમો ઘડે ત્યારે તેના એકથી વધુ અર્થઘટન થઈ શકે અને એવું થાય ત્યારે કોર્ટનો ઝોક કર્મચારીની તરફેણમાં હોય એવા અર્થઘટન તરફ હોવો જોઈએ.' બેન્ચે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે નિયમ ૨૫(૨)ના હેતુ આધારિત અર્થઘટનને આધારે ન્યાયસંગત ચુકાદો જાહેર કર્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, 'અમને હાઈકોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનો કોઈ આધાર જણાતો નથી. એટલે સ્પેશિયલ લીવ પિટિશનને ફગાવી દેવામાં આવે છે.' બેન્ચે જણાવ્યું હતું કે, રાજ્ય બંધારણની કલમ ૧૪થી ૧૬ હેઠળ તેના કર્મચારીઓના મૂળભૂત અધિકારો સાથે બંધાયેલું છે. હવે એ સ્પષ્ટ છે કે, બંધારણની કલમ ૧૪થી ૧૬ હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન થયું છે.' ઉલ્લેખનીય છે કે, નિવૃત્ત કર્મચારી માટે પેન્શન હંમેશા માટે સંવેદનશીલ મુદ્દો રહ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરને પાકી નોંધ માટે ૧૦ હજારની લાંચ લેતા ACB એ રંગેહાથ ઝડપ્યો

ગોધરા,

લુણાવાડા તાલુકા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા નાયબ મામલતદાર એ જમીનમાં પાકી નોંધ પાડવા માટે ૧૦ હજાર રૂપીયાની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી મહિસાગર લાંચ રૂશ્વત વિભાગનો સંપર્ક કરી નાયબ મામલતદાર દ્વારા માંગવામાં આવતી લાંચ અંગે ફરિયાદ કરતાં મહિસાગર એસીબી એ છટકું ગોઠવીને આજરોજ ના.મામલતદારને ૧૦ હજાર રૂપીયાની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડયો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા તાલુકા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સર્કલ ઓફિસર (ના.મામલતદાર) જીગ્નેશકુમાર બિપીનચંદ્ર પંડયાને અરજદારે કુટુંબી ભાઈએ વેચાણ રાખેલ જમીન ફરિયાદીના કાકાના નામે કરવા માટે કાચી નોંધ પડી ગયેલ હોય જેની પાકી નોંધ પાડવા માટે મળવા ગયા હતા. ત્યારે સર્કલ ઓફિસર (ના.મામલતદાર) જીગ્નેશ પંડયા એ પાકી નોંધ પાડવા માટે ૧૦,૦૦૦/- રૂપીયાની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી અરજદાર લાંચ આપવા માંગતા ન હોય જેથી મહિસાગર જીલ્લા પંચાયત લાંચ રૂશ્વત શાખાનો સંપર્ક કરી ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે એસીબી વિભાગે છટકું ગોઠવામાં આવ્યું હતું. પંચો સાથે રાખીને લુણાવાડા મામલતદાર કચેરી ખાતે અરજદારને સર્કલ ઓફિસરને મળી પાકી નોંધ સંબંધી વાતચીત કરી નકકી કરેલ ૧૦,૦૦૦/-રૂપીયાની લાંચ આપતા સાથે સર્કલ ઓફિસરને લાંચની રકમ સાથે એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયો હતો. મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર જીગ્નેશ પંડયા લાંચ લેતા એસીબી એ ઝડપી પાડતાં કચેરીમાં સોફો પડી ગયો હતો. સાથે અન્ય લાંચિયા કર્મચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**સર્કલ ઓફિસર (ના.મા.) જીગ્નેશ પંડયા લાંચ લેતા ઝડપાયો**

# સંતરામપુર પ્રતાપપુરા વિસ્તારમાં ચાંદા ટ્રેડર્સમાં દિવાલમાં બકોરૂ પાડી તસ્કરોએ ચોરી કરી

સંતરામપુર,

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં સૌથી વધારે ચોરીના બનાવો છેલ્લા એક વર્ષથી સંતરામપુર પોલીસની ઊંઘ હરામ કરી. સંતરામપુર નગરના પ્રતાપપુરા વિસ્તારમાં ચાંદા ટ્રેડર્સ કલરની દુકાનમાં પાછળના ભાગે દિવાલને બાખોલું પાડીને ચોરો ચોરી કરીને ફરાર થઈ ગયા. સંતરામપુર નગરમાં સ્થાનિક રહીશોમાં અને વેપારીઓમાં પોલીસ સામે અનેક સવાલો પોલીસની કામગીરી નિષ્ફળ અને કાયદો અને વ્યવસ્થા જળવાતી નથી. કારણ કે, ઉપરા છાપરી ચોરીના બનાવો વધતા જાય છે, પરંતુ અટકવાનું નામ જ નહીં લેતો. સ્થાનિક વેપારીઓ ચોરીના બનાવોને લઈને ચિંતાતુર બન્યા પરંતુ ચોરી અટકાવવા અને ચોરને પકડવામાં સંતરામપુર પોલીસ નિષ્ફળ ગયેલી છે. પ્રતાપપુરા વિસ્તારમાં આવેલી કલરની દુકાનમાં દુકાનની પાછળની ભાગમાંથી ચોરો બાખોલું પાડીને અંદર પ્રવેશ કરી દુકાનનો સામાન વેર વિશે કરી નાખેલો હતો. કલર બનાવવાની અને સીસીટી કેમેરા માટે મૂકવામાં આવેલી ત્રણ એલઈડી તોડી નાખવાની આવેલી હતી અને કલરની સંખ્યાબંધ ડોલ અને ડબ્બા કાળાઓ પાડી અને તોડફોડ કરીને મોટા પાયે નુકસાન કરેલું હતું. દુકાનના માલિકે સંતરામપુર પોલીસને જાણ કરતા ઘટના સ્થળે પોલીસ પહોંચીને તપાસ હાથ ધરી દુકાનની પાછળના ભાગમાં તોડી નાખેલી એલઈડી મળી આવેલી હતી. ચોરોએ દુકાનની પાછળ પ્રવેશ કરીને ચોરી કરીને અંજામ આપેલો હતો, પરંતુ ચોરીની ઘટના દિન પ્રતિદિન વધતી જાય છે. રવાડીના ભરચક મેળામાં ચોરો લાભ ઉઠાવી ગયા. સંતરામપુર નગરમાં ચોરીના બનાવો અટકે અને પેટ્રોલિંગ કરવામાં આવે અને ચોર પકડવા માટે સ્પેશિયલ ટીમ અલગ ઊભી કરે વેપારીઓની માંગ ઉભી થયેલી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર


**સંતરામપુર ST ડેપોના કર્મચારી વિવિધ માંગણીઓ લઈને વિરોધ પ્રદર્શન કર્યો.**

# નવલા નોરતાને લઈ નવા રંગરૂપમાં વેચાણ, મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે

અમદાવાદ,

નવલા નોરતા ના હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે જામનગરની બજારોમાં પણ આ વખતે નવા રંગરૂપમાં ગરબાનું વેચાણ થઈ રહ્યું છે.શહેરમાં મહિલાઓ અવનવા ગરબા બનાવીને રોજગારી મેળવી રહી છે. જે મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. અને મહિલાઓને પરિવાર માટે મદદરૂપ થવા પ્રેરણાદાયક બન્યા છે.

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તે રાષ્ટ્રની મહિલાઓની સ્થિતિ ઉપર હોય છે. દેશ, સમાજ અને પરિવારના ઉજ્જવળ ભવિષ્ય માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.તેવી જ રીતે જામનગરમાં રહેતા નયનાબેન સંચાણિયા પોતાના પરિવારને મદદરૂપ થવા માટે ગરબા બનાવીને વેચાણ કરી રહ્યા છે. પોતાની કળાનો ઉપયોગ કરી છેલ્લા ૧૫ વર્ષથી નવરાત્રિના તહેવારમાં માતાજીના અવનવા ગરબા બનાવી રોજગારી મેળવી આત્મનિર્ભર બન્યા છે. માટી માંથી તેઓ ગરબા બનાવી તેના ઉપર કલર અને અનોખી ડિઝાઈન બનાવવાનું કામ કરે છે.૧૫ વર્ષ પહેલા ગરબા બનાવવાની શરૂઆત કરી ત્યારે




માત્ર ૫ થી ૭ ગરબાનું વહેચાણ થતું હતું પરંતુ તેઓ મહેનત કરી પોતાની કળા વિકાસવીને આજે ૫૦૦ થી ૭૦૦ ગરબા વહેચી રહ્યા છે.

ગરબાના વહેચાણ થકી આત્મનિર્ભર બનેલા અને બાળપણની પોતાની કળા લગ્ન બાદ પણ જાળવી રાખી તેઓ પોતાના પરિવારને આર્થિક દ્રષ્ટિએ પણ ઘણા મદદરૂપ બન્યા છે.અને સમાજની દરેક સ્ત્રીઓને સંદેશો આપતા જણાવે છે કે સ્ત્રીઓએ માત્ર ગૃહિણી બનીને જ ન રહેવું જોઈએ પણ ઘર માટે મદદરૂપ થઈ શકે તેવી પહેલ કરવી જોઈએ.નારી અબળા છે તેમ ન વિચારી આત્મનિર્ભર બને તેવા સશક્ત વિચારો ધરાવતા નયનાબેન મહિલાઓ માટે પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# ૨૦૨૨માં મુખ્યમંત્રી રાહતફંડમાંથી અત્યાર સુધીમાં ૮.૫ કરોડની સહાય મંજૂર

ગાંધીનગર,

રાજ્યના નાગરિકોને ગંભીર પ્રકારના રોગોની સારવાર માટે ઓપરેશનના ખર્ચમાં સહાયતા કરવા માટે મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય મંજૂર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના નાગરિકોની સુખાકારી તેમજ સ્વાસ્થ્ય માટે ત્વરિત કામગીરી થાય તે માટે યોગ્ય નિર્ણયો કરવામાં આવ્યા છે અને તેના લીધે નાગરિકોની સુખાકારીમાં વધારો થયો છે. મુખ્યમંત્રી રાહતફંડમાંથી વર્ષ ૨૦૨૨માં સપ્ટેમ્બર મહિના સુધીમાં કુલ ૩૦૬ કેસ માટે રૂ. ૮.૫ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે.

નાગરિકોની અરજી બાદ કિડની, કેન્સર, હૃદય અને લીવરના રોગોની સારવાર તથા ઓપરેશન માટે માન્ય હોસ્પિટલમાં નિર્ધારિત ખર્ચના અંદાજના ૧/૩ ભાગની સહાય મુખ્યમંત્રીના રાહતફંડમાંથી ચૂકવવામાં આવે છે. અગાઉ વાર્ષિક એક લાખની આવક ધરાવતા નાગરિકોને આ લાભ મળતો હતો પરંતુ રાજ્ય સરકારે હવે વધુ નાગરિકો સુધી લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી જાન્યુઆરી ૨૦૨૨ના ઠરાવથી રૂ. ૪ લાખની આવક મર્યાદા ધરાવતા નાગરિકોને પણ રાહત ફંડમાંથી સહાય ચૂકવવાનું મંજૂર કર્યું છે.

તા.૧/૧૦/૨૦૧૧થી તા. ૨૦/૯/૨૦૨૨ સુધીના ગાળામાં કુલ ૩,૪૭૨ અલગ-અલગ કેસમાં રૂ. ૩૬ કરોડથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે જ્યારે ૧/૧/૨૦૨૨થી ૨૦/૯/૨૦૨૨ સુધીમાં કુલ મંજૂર ૩૩૩ કેસમાં રૂ. ૮.૯ કરોડની સહાય મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી નાગરિકોને ચૂકવવામાં આવી છે.

રાજકોટમાં રહેતા ૬૧ વર્ષીય મંજુલાબેન વિઠ્ઠલભાઈ સરધારાને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું માટે તેમને રાહત ફંડમાંથી રૂ. ૨,૩૩,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, તબીબોના માર્ગદર્શનથી અને આ સહાયથી તેમને ઘણો ફાયદો થયો છે અને મુખ્યમંત્રી રાહત ફંડની સહાયની કામગીરી ખૂબ સારી છે.

અમરેલીના બાબપુરમાં રહેતા ૨૧ વર્ષીય કેયુરભાઈ રાજેશભાઈ ગોંડલિયાને હૃદયમાં ખામી સર્જાતા હૃદય ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ઉભી થઈ હતી. આવા સમયે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ. ૭,૫૦,૦૦૦ની સહાય મંજૂર થવાથી તેમને સારવારમાં મોટી રાહત થઈ હતી. કેયુરભાઈના પરિવારજનોએ આ સહાય માટે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોદી સરકારે ખેડૂતોના એકાઉન્ટમાં અત્યાર સુધી ૧.૩૬ લાખ કરોડ જમા કરાવ્યા : રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા

ગાંધીનગર,

ગુજરાત ભાજપની નેતાગીરી દ્વારા હવે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ગાંધીનગરના નભોઈ ગામે નમો પંચાયત કાર્યક્મને સંબોધતા જેપી નડ્ડાએ કહ્યું કે આજ સુધીમાં ૧.૩૬ લાખ કરોડ રૂપિયા ખેડૂતોના એકાઉન્ટમાં સીધા પહોચ્યા છે, અમને ખેડૂતોની સાથે જ છે. કેટલાક લોકો ખેડૂતોના નામે રાજનીતિ કરી રહ્યા છે.




ભાજપના રાષ્ટીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા યોજાનાર "નમો કિસાન પંચાયત" કાર્યક્રમ લોન્ચ કર્યુ છે. ગુજરાતની આશરે ૧૪૩ વિધાનસભા બેઠક પર આશરે ૧૪ હજાર ૨૦૦ ગામડામાં નમો કિસાન પંચાયત થકી કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ખેડૂત લક્ષી યોજના અને કાર્યો અંગે ઈ-બાઈકથી માહિતી આપવામાં આવશે. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા નમો કિસાન પંચાયત કાર્યક્રમમાં શુભારંભ કરાવીને ઈ-બાઈકને ફ્લેગ ઓફ કરાવ્યું છે. તેમણે આ સંબોધનમાં જણાવ્યુ છે કે તેમણે આ સંબોધનમાં જણાવ્યુ છે કે, કૃષિ વિભાગના બજેટમાં ૬ ગણો વધારો કર્યો છે. ખેડૂતોને વધુમાં વધુ ભાવ મળે તેવા પ્રયાસ કરાયા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, વડાપ્રધાન મોદીએ ખેડૂતો સુધી સીધી સહાય પહોંચાડી છે.મોદીએ ખેડૂતોને પ્રાધાન્ય આપ્યું છે.

જે. પી નડ્ડાએ સંબોધનમાં જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના ચલાવીને ૮૦ કરોડ જનતાને પાંચ કિલો ઘઉં, પાંચ કિલો ચોખા અને પાંચ કિલો દાળ આપીને ગરીબ જનતાને મજબૂત કરવાનું કામ કર્યુ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, એક સદી પહેલા જ્યારે દુર્ઘટના સર્જાઈ હતી, ત્યારે રોગ કરતાં ભૂખમરાથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. કોરોના મહામારી સદીની સૌથી મોટી દુર્ઘટના હતી. પરંતુ વડા પ્રધાન મોદીએ પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ તેમણે ૧૧ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં વાર્ષિક ૬ હજાર રૂપિયા મોકલવાનું કામ કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના રાષ્ટ્રપિતા ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવા અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. દેશના ખેડૂતોને સમૃદ્ધ કરવા સતત પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે કિસાન મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી નમો કિસાન પંચાયત કાર્યક્રમ યોજાનાર છે. જેમાં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજયના ખેડૂતો માટે કરેલા કામો તેમજ વડાપ્રધાન બન્યા પછી સતત ખેડૂતોના હિત માટે કરેલ જુદા-જુદા કામોને રાજયના વિવિધ ગામડામાં કિસાન મોરચાના કાર્યકરો માહિતી આપશે.

# ચીની કંપનીઓએ ભારતમાં સ્માર્ટફોનનું ઉત્પાદન બંધ કરવાની ધમકી આપી

નવીદિલ્હી,

ઈડી અને આવકવેરા વિભાગના અધિકારીઓએ ચાઈનીઝ મોબાઈલ ઉત્પાદક કંપનીઓ ઉપર દરોડા પાડયા હતા. ખાસ તો શાઓમી, ઓપ્પો અને વીવો પાડેલા દરોડામાં ટેક્સ ચોરીની અનેક ગરબડો સામે આવી હતી. એ પછી મુશ્કેલીમાં મૂકાયેલી આ ચીની કંપનીઓએ ભારતમાં ઉત્પાદન બંધ કરવાની ધમકી આપી છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સમાં છપાયેલા અહેવાલમાં ભારતને બદલે અન્ય દેશોમાં ઉત્પાદન યુનિટ શરૂ કરવાની વિચારણા ચાલી રહી હોવાનું કહેવાયું હતું. ચાઈનીઝ મોબાઈલ ઉત્પાદક કંપનીઓ - શાઓમી, ઓપ્પો અને વીવો ભારતમાં ઉત્પાદન એકમ બંધ કરે એવી શક્યતા વ્યક્ત થઈ છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સમાં છપાયેલા અહેવાલમાં કહેવાયું હતુ કે ભારતમાં આ મોબાઈલ ઉત્પાદક કંપનીઓ પર એક પછી એક દરોડા પડતા હોવાથી હવે કંપનીઓ ભારતમાં સ્માર્ટફોનનું ઉત્પાદન બંધ કરવાનું વિચારી રહી છે. ભારતના બદલે બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા અને નાઈજીરિયા જેવા દેશોમાં ઉત્પાદન શરૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. ભારતમાં ઉત્પાદન બંધ કરવા માટે ભારત સરકારની ચીની કંપનીઓ પર સખ્તાઈ જવાબદાર હોવાનું પણ અહેવાલમાં કહેવાયું હતું.

ચીનની આ ત્રણેય કંપનીઓ સામે તપાસ એજન્સીઓએ ગંભીર આરોપો લગાવ્યા છે. એપ્રિલ માસમાં શાઓમી પાસેથી ઈડીએ ૫૫૫૧ કરોડ રૂપિયા જપ્ત કર્યા હતા. આ કંપની રોયલ્ટીના નામે આ રકમ ગેરકાયદે રીતે વિદેશ મોકલતી હતી. આ કંપની એમઆઈની જ પેટા કંપની છે. રેડમી, પોકો સહિતની અન્ય બ્રાન્ડથી પણ આ કંપની મોબાઈલ વેચે છે. જુલાઈ માસમાં ડીરેક્ટર ઓફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ની તપાસમાં ખૂલ્યું હતું કે ઓપ્પો ઈન્ડિયાએ ૪૩૮૯ કરોડની ટેક્સચોરી કરી હતી. સરકારે કંપનીને નોટિસ પાઠવી હતી. એ જ રીતે જુલાઈ માસમાં જ વીવો કંપનીના ૪૪ સ્થળોએ ઈડીના દરોડા પડયા હતા અને એમાં કંપનીની આર્થિક ગરબડો પકડાઈ હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ભારત-ચીનના તંગ રાજદ્વારી સંબંધો વચ્ચે એવા અહેવાલો આવ્યા હતા કે ભારતમાં ૧૨ હજારથી નીચેની કિંમતના સ્માર્ટફોનનું ઉત્પાદન વિદેશી કંપનીઓ કરી શકશે નહીં. એવા ફોન દેશી કંપનીઓ જ બનાવી શકશે. જોકે, આ અહેવાલોનું કેન્દ્ર સરકારના અધિકારીઓએ ખંડન કર્યું હતું, તેમ છતાં ચીની કંપનીઓને એ બાબતે ચિંતા પેઠી ગઈ છે. ભવિષ્યમાં જો સરકાર એવો નિયમ બનાવે તો ચીની કંપનીઓએ બીજા દેશમાં માર્કેટ તલાશવું પડે, જે તેના માટે અઘરું સાબિત થઈ શકે છે. ભારતમાં ઉત્પાદન એક બંધ કરવાનું ચીનની કંપનીઓ માટે સરળ નહીં હોય. ભારતમાં ઉત્પાદન બંધ થાય તે સાથે જ ભારતનું વિશાળ માર્કેટ પણ ગુમાવવાનો વારો આવે. આવી સ્થિતિમાં ભારતના ગ્રાહકોને કે સરકારને જેટલું નુકસાન થાય તેનાથી અનેક ગણું નુકસાન તો ચીની કંપનીઓને વેઠવું પડે તેમ છે. બીજા દેશમાં ઉત્પાદન એકમ બનાવી લેવાથી ત્યાં આ કંપનીઓને માર્કેટ મળી નહીં જાય. માર્કેટની રીતે ભારત શ્રેષ્ઠ છે. ભારતના યંગ જનરેશનની ખરીદશક્તિ વિશ્વમાં સૌથી વધુ છે. માર્કેટની રીતે ભારત દુનિયાનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે. આવી પરિસ્થિતિમાં ચીની કંપનીઓ જો ભારતમાં ઉત્પાદન એકમો બંધ કરે તો બીજી અનેક દેશી-વિદેશી કંપનીઓ એ સ્થાન લેવા સક્ષમ છે. ચીની કંપનીઓ પાસે ભારતના સ્માર્ટફોન માર્કેટનો ૭૯ ટકા હિસ્સો છે. જે સુવિધા ચીન સિવાયની વિદેશી સ્માર્ટફોન ઉત્પાદક કંપનીઓ ૩૦થી ૫૦ હજાર કે લાખ રૂપિયામાં આપે છે, એવી સુવિધાઓ ચાઈનીઝ કંપનીઓ તેનાથી ૩૦-૪૦ ટકા કે ક્યારેક તો ૫૦ ટકા ઓછી કિંમતમાં આપે છે. ભારતમાં એક માત્ર સેમસંગ બિન ચાઈનીઝ કંપની છે, જેની પાસે માર્કેટમાં સારી એવી હિસ્સેદારી છે. એ સિવાય સોની, નોકિયાનું માર્કેટ લિમિટેડ થવા માંડયું છે. આઈફોન મર્યાદિત વર્ગમાં બેહદ લોકપ્રિય છે, પરંતુ તેના કન્ફિગ્રેશન ચાઈનીઝ મોબાઈલની સરખામણીએ મોંઘા પડે છે. પરિણામે ચીની કંપનીઓ દર વર્ષે લાખો યુનિટ મોબાઈલ ભારતના માર્કેટમાં વેચે છે.

## આપની આજ.......

મેષ : તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણ. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

વૃષભ : આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે.

મિથુન : આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો.

કર્ક : આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

સિંહ : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં.

કન્યા : આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

તુલા : આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે તમારા પુત્ર અને પુત્રીના સંબંધમાં કોઈ મોટો નિર્ણય લેવો પડશે. પ્રામાણિકતા અને નિયમોની કાળજી લો.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણ બનશે.

ધનુ : આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કુંભ : આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

મીન : આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

## દેશમાં બળાત્કારનો સિલસિલો યથાવત!

# ઝારખંડના ગઢવામાં સગીરાને બંધક બનાવીને કરવામાં આવ્યો ત્રણ દિવસ રેપ

ગઢવા,

ઝારખંડમાં દલિત અને આદિવાસી સગીર છોકરીઓ પર બળાત્કાર અને સામૂહિક બળાત્કારની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ફરી એકવાર માનવતાને શરમાવે તેવી ઘટના ગઢવાથી સામે આવી છે. અહીં એક દલિત યુવતીનું અપહરણ કરીને એક ખાસ સમુદાયના યુવક દ્વારા ત્રણ દિવસ સુધી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બળાત્કારની ઘટનાને અંજામ આપ્યા બાદ યુવતીને ધમકી આપીને છોડી દેવામાં આવી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે જિલ્લાના બરડીહા પોલીસ સ્ટેશન હેઠળના એક ગામમાંથી અનુસૂચિત જાતિની સગીર યુવતીના અપહરણનો મામલો ત્રણ દિવસ બાદ પ્રકાશમાં આવ્યા બાદ વિસ્તારમાં તણાવનું વાતાવરણ છે. આ સગીર બાળકી પર ત્રણ દિવસ સુધી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આરોપી ઈર્શાદ ખાન વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં નામાંકિત કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે પીડિતાની અરજીના આધારે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

ઘટના સંદર્ભે પીડિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૬ સપ્ટેમ્બરે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. તેણીએ જણાવ્યું કે, સાંજે સાત વાગ્યે તે શૌચાલયમાં ગઈ હતી, તે દરમિયાન ઈર્શાદ અને તેનો અન્ય એક સાથી મોઢું બાંધીને આવ્યા હતા અને મોં દબાવીને તેને મોટરસાઈકલ પર ક્યાંક લઈ ગયા હતા. રસ્તામાં તેણીએ તેના મોં પર કપડું બાંધ્યું જેના પછી તે બેહોશ થઈ ગઈ. જ્યારે તેને હોશ આવ્યો ત્યારે તે ઘરના એક રૂમમાં બંધ હાલતમાં હતી. જે બાદ ઈર્શાદે પરિવારના સભ્યોને મારી નાખવાનો ડર બતાવીને અને બંદૂકનો ડર બતાવીને અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતાના જણાવ્યા અનુસાર જ્યારે તેણે વિરોધ કર્યો તો તેની સાથે મારપીટ કરવામાં આવી. અપહરણના બે દિવસ બાદ તેને કહેવામાં આવ્યું હતું કે, તેની માતા સાથે વાત થઈ છે અને તને મારા માણસો તારા ગામમાં છોડી દેશે. જો તમારા પરિવારના સભ્યો આ વિશે પોલીસને કહેશે તો માતા સહિત બધાને મારી નાખશે. આ પછી ૯ સપ્ટેમ્બરના રોજ તેને લાલ રંગની કારમાં લાવવામાં આવી અને તેને બકોઈયા-મજિયાઓ બોર્ડર પર છોડી દીધો. તેની માતા ત્યાં પહેલેથી જ હાજર હતી કારણ કે તેની માતાને અપહરણકારોએ ત્યાં બોલાવી હતી.

પીડિતાએ પોલીસ સ્ટેશનમાં આપેલી અરજીમાં વધુમાં લખ્યું છે કે, ત્યાં ઉતારી દીધા બાદ તે તેની માતા સાથે તેના મામાના ઘરે ગઈ હતી અને પરિવારના સભ્યોને ઘટનાની જાણ કરી હતી. તે ડરના કારણે ફરિયાદ નોંધી રહી ન હતી, પરંતુ પરિવારના સભ્યોના કહેવાથી તેણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પીડિતાએ જણાવ્યું કે કારમાં હાજર લોકો પાસે બંદૂક પણ હતી.

આ મામલે પલામુના સાંસદ બીડી રામે કહ્યું કે આ સરકારમાં મહિલાઓ સુરક્ષિત નથી. આ સરકાર માત્ર તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. સરકાર કોઈ પગલાં લેતી નથી, જેના કારણે આ લોકોનું મનોબળ વધી ગયું છે. આ મામલાને લઈને ગઢવાના એસપી અંજની જાએ કહ્યું કે બળાત્કારની ઘટના બની છે, પીડિતાની અરજી પર હૈંઈ નોંધવામાં આવી છે અને પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં

# પોષણ સુધા યોજના અંતર્ગત ૪૬ હજારથી વધુ સગર્ભા-ધાત્રી માતાઓની જઠરાગ્નિ ઠારવાનું પુનિત કાર્ય

દાહોદ,

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં પોષણ સુધા યોજના ૪૬ હજારથી વધુ સગર્ભા-ધાત્રી માતાઓની જઠરાગ્નિ ઠારવાનું પુનિત કાર્ય કરી રહી છે. અહીંની આંગણવાડી ખાતે નોંધાયેલી સગર્ભા ધાત્રી માતાઓને દરરોજ બપોરે સ્વાદિષ્ટ, પોષણયુક્ત ગરમ ભોજન અપાઇ રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગત જુન મહિનામાં આદિજાતિ જિલ્લાના તમામ તાલુકાઓમાં પ્રારંભ કરેલી આ યોજના થકી સહી પોષણ, દેશ રોશનનું સૂત્ર ખરા અર્થમાં ચરિત્રાર્થ થઇ રહ્યું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓની ૩૦૫૬ આંગણવાડીઓ ખાતે ૪૬૪૦૩ થી વધુ નોંધાયેલી સગર્ભા અને ધાત્રી માતાઓને દરરોજનું ગરમ ભોજન પીરસાઇ રહ્યું છે. પોષણ સુધા યોજના અંતર્ગત અઠવાડીયાના છ દિવસ સગર્ભા ધાત્રી મહિલાઓને ભોજન અપાઇ છે. સગર્ભા ધાત્રી માતાઓનું પોષણના તમામ તત્વો મળી રહે એ માટે દરરોજ અલગ અલગ મેનુ પ્રમાણે ભોજન અપાઇ છે.

જેમાં સોમવારે થેપલા, દાળભાત શાક, મંગળવારે પરાઠા, શાક, દાળભાત, બુધવારે લાપસી-શીરો, દાળભાત, ગુરૂવારે રોટલી શાક, ખીચડી, શુક્રવારે પરાઠા, ચણા, દાળ, વઘારેલ ભાત, શનિવારે શીરો-લાપસી, શાક, દાળભાત બપોરના ભોજનમાં સગર્ભા ધાત્રી માતાઓને ગરમાગરમ અહીં આંગણવાડી ખાતે જ બનાવીને પીરસવામાં આવે છે.

આ યોજના અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. આ સાથે આયર્ન અને કેલ્શિયમની ગોળીઓ તેમજ આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ આપવામાં આવે છે. યોજનાના મોનીટરિંગ અને રિવ્યુ માટે વિશેષ મોબાઇલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. આ ભોજન ફક્ત રૂ. ૨૭ ના નજીવા દરે સગર્ભા ધાત્રી માતાઓને અપાઇ રહ્યું છે.

દાહોદની હજારીયા આંગણવાડીના સીડીપીઓ ફાલ્ગુનીબેન પંડ્યા જણાવે છે કે, અહીં સગર્ભા અને ધાત્રી માતાઓની નોંધણી કરવામાં આવે છે. અને તેમને નિયમિત બપોરે પોષણયુકત ભોજન અપાઇ છે. સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ યુક્ત આહાર મળવાથી તેમને ઘણો સ્વાસ્થ્ય લાભ થયો છે.

હજારીયા આંગણવાડી ખાતે પોષણ સુધા યોજનાનો લાભ મેળવી રહેલા નિકિતાબેન ધર્મેશકુમાર જણાવે છે કે, અહીં છેલ્લા બે મહિનાથી પોષણ સુધા યોજના અંતર્ગત દરરોજ અલગ અલગ મેનું પ્રમાણે પોષ્ટિક આહાર અપાઇ છે. વાર પ્રમાણે દાળ ભાત શાક રોટલી લાપસી સહિતની વાનગીઓ અમને અહીં પીરસવામાં આવે છે. સર્ગભાવસ્થા દરમિયાન મારૂ વજન ઓછું હતું. પરંતુ નિયમિત જમવા સહિતની આરોગ્ય સુવિધાઓથી મારૂ વજન ૧૦ કિલો જેટલું વધ્યું છે. જે અગાઉ ૫૪ કિલો હતું.

અહીંની આંગણવાડી ખાતે પોષણ સુધા યોજનાનો લાભ લેતા નિકિતા ડામોર જણાવે છે કે, હું હજારીયા ફળીયા ખાતે રહું છું. આ આંગણવાડીમાં મારી નોંધણી કરવામાં આવી છે. મારૂં છ મહિનાનું બાળક છે. પોષણ સુધા યોજના અંતર્ગત અમને પોષ્ટિક ભોજન દરરોજ અપાઇ છે. આયર્નની ગોળી તેમજ અન્ય આરોગ્ય સુવિધાઓ અપાઇ છે. એ માટે સરકારને ધન્યવાદ પાઠવીએ છીએ તેમ ડામોરે ઉમેર્યું હતું.

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ જ મહત્વપૂર્ણ છે. માતાના ગર્ભમાં રહેલ શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે પોષણ સુધા યોજના ગુજરાતના આદિજાતિ વિસ્તારના દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા મળી કુલ પાંચ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં અમલી બનાવાઈ હતી. જેમાં દાહોદનાં ગરબાડા અને ધાનપુર તાલુકામાં આ યોજના વર્ષ ૨૦૧૭ થી અમલી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં મહિલાઓ સુપોષિત થાય એ માટે આ યોજનાનું વિસ્તરણ કરીને રાજ્યના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના કુલ ૧૦૬ તાલુકાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવી છે. ત્યારે દાહોદનાં પણ તમામ ૯ તાલુકાઓમાં આ યોજના અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ અપાઈ રહ્યો છે.

દાહોદના આઇસીડીએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી જણાવે છે કે, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શનમાં જિલ્લાના તમામ તાલુકાઓની ૩૦૫૬ આંગણવાડીઓ ખાતે ૪૬૪૦૩ થી વધુ નોંધાયેલી સગર્ભા અને ધાત્રી માતાઓને દરરોજનું ગરમ ભોજન પીરસાઇ રહ્યું છે. સગર્ભા અને ધાત્રી માતાઓને આ સમય દરમિયાન તમામ પોષક તત્વો મળી રહે એ માટે ખાસ કાળજી રાખીને એ પ્રમાણે મેનું તૈયાર કરાયું છે અને એ પ્રમાણે ગરમાગરમ ભોજન તેમને પીરસવામાં આવે છે.

# દાહોદ જીલ્લામાં અનેક કર્મચારીઓ વિવિધ માંગણીઓને લઈ હડતાલ અને કામકાજથી અળગા રહ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં મોટાભાગના સરકારી કર્મચારીઓથી લઈ વિવિધ સંગઠનો દ્વારા પોતાની વિવિધ માંગણીઓને લઈ સરકાર સામે બાંયો ચઢાવી છે. પોતાની વિવિધ પડતર માંગણીઓને આરોગ્ય વિભાગ, ક્ષય વિભાગ, શૈક્ષણિક વિભાગ, આઉટસોર્સિંગના કર્મચારીઓ વિગેરે જેવા દાહોદ જિલ્લાના અનેક કર્મચારીઓ દ્વારા આંદોલનના માર્ગે ઉતરી અચોક્સ મુદતની હડતાળ સહિત કામકાજથી અળગાં રહી વિરોધ નોંધાંવી રહ્યાં છે.



દાહોદ જિલ્લામાં છેલ્લા એક માસ દરમ્યાન જિલ્લાના વિવિધ વિભાગના સરકારી કર્મચારીઓ, શિક્ષકો, આઉટસોર્સિંગ કર્મચારીઓ, ક્ષય વિભાગના કર્મચારીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા પોતાની વિવિધ માંગણીઓ જેવી કે પગાર વધારો, ભથ્થુ વધારો, કાયમી કરવા, શિક્ષકોની ભરતી વધારવા, કામનું ભારણ ઓછુ કરવા, જેવા વિવિદ મુદ્દેએ કર્મચારીઓ ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાનું નક્કી કરતાં દાહોદ જિલ્લા પંચાયત વિભાગના મોટાભાગના કર્મચારીઓ પણ આંદોલનના માર્ગે ઉતરી જતાં કામકાજ પર પણ અસર જોવા મળી રહી છે. કર્મચારીઓએ હડતાળ, અચોક્કસ મુદતની હડતાળ, કામકાજથી અળગા રહેવું, ભુખ હડતાળ જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યાં છે. કર્મચારીઓના આક્ષેપો છે કે, સરકાર સમક્ષ અનેકવાર પોતાની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે અનેકવાર રજુઆત કરવા છતાંય સરકાર દ્વારા કર્મચારીઓની માંગણીઓની અવગણના કરવામાં આવી રહી છે. કર્મચારીઓને માત્રને માત્ર લોલી પોપ આપવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. ત્યારે આગામી વિધાનસભાની ચુંટણીમાં સરકારને આ કર્મચારીઓના આંદોલનના કારણે ચુંટણીમાં પણ સરકારને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી અસરો જોવા મળી રહી છે. ઘણા કર્મચારીઓએ તો ચુંટણી પ્રક્રિયાઓનો પણ બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે વિધાનસભાની ચુંટણી નજીક હોય અને તેવામાં કર્મચારીઓના આંદોલનના પગલે દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

# ગરબાડા ની તાલુકા કુમાર શાળાને દારૂની મહેફિલ માણવાનો અડ્ડો બનાવતા તત્વો સામે કાર્યવાહી કરવા આચાર્ય દ્વારા ગરબાડા પોલીસને લેખિત રજૂઆત

## શાળા કેમ્પસ તેમજ શાળાની આજુબાજુ અસામાજિક તત્વો દ્વારા થતી આવી અ ઘટિત ઘટનાઓ તથા કૃત્ય વહેલી તકે અટકાવાય

ગરબાડા,

ગરબાડાની તાલુકા કુમાર શાળામાં વિદેશી દારૂની બોટલો ફેકવા તેમજ ગંદકી કરવા ના બનાવ પગલે શાળાના આચાર્ય નરવતભાઈ ડામોર દ્વારા તારીખ ૨૦ મીના ગરબાડા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માટે ગરબાડા પોલીસને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં ઉલ્લેખ કરાયો છે કે, તાલુકા કુમાર શાળા ગરબાડામાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ આમ, બન્ને માધ્યમની શાળાઓમાં કુલ ૪૭૫ બાળકો અભ્યાસ કરે છે અને કુલ ૧૫ રૂમો આવેલા છે. આ રૂમો પૈકી ધોરણ-૮ ના રૂમના ઓટલા પર કોઈ અજાણ્યા ઈસમો દ્વારા વિદેશી દારૂની ખાલી બોટલો તેમજ નોનવેજ નો કચરો કરેલ છે. સાથે વોમિટ કરી શાળામાં ગંદકી ફેલાવવાનું કૃત્ય કરેલ છે. શાળાના કેમ્પસમાં તેમજ આજુ બાજુ આવુ અઘટિત કૃત્ય અસામાજિક તત્વો દ્વારા ન થાય તો શાળામાં અભ્યાસ કરતાં ૪૭૫ બાળકોના માનસપટ ઉપર આવા ખરાબ કૃત્યોની અસર ન પડે. ભારતનું ભાવિ શાળાના વર્ગખંડમાં ઘડાય છે આ ઉકિતને સાકાર કરવાની સાથે બાળકોમાં સંસ્કારોનું ઘડતર કરવામાં અવરોધક , આવા કૃત્યો કરનારા ઈસમો સામે યોગ્ય કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, શાળાના આચાર્ય સહિત સ્ટાફ ગ્રામજનો અને સ્થાનિક પોલીસ તંત્ર સારી રીતે જાણે છે કે કયા વિસ્તારમાં કોના ત્યાં કંઈ કામગીરી થાય છે, પરંતુ જો પોલીસ જ બધું જાણવા છતાં સક્રિય ન હોય તો અન્ય લોકો આ દારૂના દુષણ વિશે ખુલીને બોલવા માટે રાજી નથી. શાળાની આસપાસ અને પોલીસ મથકના ૫૦૦ મીટરની અંદર જ દારૂનું ખુલેઆમ વેચાણ થાય છે. ઘણીવાર દારૂની ગાડીઓ ખાલી થવાના નજારા શાળાના બાળકો પણ જોતા હોય છે. જે કડવું સત્ય છે, પરંતુ અહીંયા કોઈપણ ખોલીને બોલવા કે કાર્યવાહી કરવા રાજી નથી. તેવી પણ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

> ગાંધીનગર ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનું જોવા મળી રહ્યું છે. જેના કારણે યુવાધન બરબાદ થઈ રહ્યું છે, કાં તો ખરેખર ગુજરાતમાં દારૂબંધીનો અમલ થવો જોઈએ અથવા તો અન્ય રાજ્યોની જેમ દારૂની છૂટ આપી દેવી જોઈએ પરંતુ કમાઉ દીકરો હોવાના કારણે અહીંયા કોઈ કાર્યવાહી થતી નથી. પરિણામે મંદિરો અને શાળાઓને પણ દારૂ પીવાના અડ્ડા બનાવી દેવામાં આવી રહ્યા છે, કહેવું તો કહેવું કોને.

# દાહોદ જીલ્લા આદિવાસી સમાજ મૂકબધીર યુવતિ સાથે દુષ્કર્મની ઘટનાને વખોડી કાઢી પરિવારને ન્યાય માટે આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના આદિવાસી સમાજે ભેગા મળી દાહોદ શહેરની મૂકબધીર યુવતી સાથેની દુષ્કર્મની ઘટનાને વખોડી કાઢી ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા માટે અને પીડીતા અને પીડિતાના પરિવારને ન્યાય મળે તે માટેનું એક આવેદનપત્ર દાહોદ એ.પી. કચેરીએ આપવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લાના આદિવાસી સમાજ દ્વારા દાહોદ એસ.પી.ને સંબોધતું એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યાં અનુસાર, દાહોદ શહેરમાં ત્રણ દિવસ અગાઉ બનેલી ચકચારી દુષ્કર્મની ઘટનાને લઈને દરેક સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે અને આવું કૃત્ય કરનારા આરોપીઓને કડકમાં કડક સજા મળે અને ફાસ્ટ ટ્રેક કોર્ટોમાં આવા કેસો ચાલે તે માટેની માંગો દરેક સમાજ દ્વારા કરવામાં આવી છે. ત્યારે દાહોદ આદિવાસી સમાજ દ્વારા પણ આવું ઘીનોનું કૃત્ય કરનાર તરવાડીયા ગામના અસામાજિક ઈસમ વિજય પંણદા દ્વારા જે મૂકબધીર ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ કરી અવાવરૂ જગ્યા ઉપર લઈ જઈને દુષ્કર્મ ગુજારી સમાજને ન શોભે તેવી ઘીનોની હરકત કરી આવા કૃત્ય કરવાવાળા ઈસમને આદિવાસી સમાજ શખ્ત શબ્દોમાં વખોડી કાઢી અને ભવિષ્યમાં કોઈ પણ સમાજ જોડે આવી ઘીનોની હરકત ન બને તે માટે સમસ્ત આદિવાસી સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી અને આવા આરોપીઓના ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી આરોપીને કડક સજા મળે અને પીડીતાના પરિવારને જલ્દી ન્યાય મળે તે માટેની માંગ આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવી હતી.

# દાહોદના ખરોદા ગામે ૩૦૦ પશુઓનું રસીકરણ કરાયું

દાહોદ,

દાહોદ જિલ્લામાં લમ્પી વાઈરસના પગપેસારાના પગલે પશુ પાલન વિભાગ પણ એલર્ટ બન્યું છે. આજરોજ દાહોદ તાલુકાના ખરોદા ગામે ૩૦૦ જેટલા પશુઓને લમ્પી વાઈરલની સામે રક્ષણ મળી રહે તે માટે રસીકરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાં હાલ લમ્પી વાઈરસે મુંગા પશુઓને પોતાના રાક્ષસી ભરડામાં લીધો છે. ઘણા પશુઓના મોત પણ નીપજ્યાં છે. પરિસ્થિતીને પહોંચી વળવા સરકાર દ્વારા તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ છેલ્લા એક મહિનાના સમયગાળા દરમ્યાન ઘણા પશુઓમાં લમ્પી વાઈરલના લક્ષણો જણાતાં પશુ પાલન વિભાગ એલર્ટ બન્યું છે અને અલગ અલગ ટીમો બનાવી પશુઓને લમ્પી લાઈરસની સામે રક્ષણ મળી રહે તે માટે રસીકરણનો આરંભ કરી દેવામાં આવ્યો છે. દાહોદ તાલુકાના ખરોદા ગામે લમ્પી વાઈરસથી પશુઓને રક્ષણ મળી રહે તે માટે ૩૦૦ જેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લાના અલગ તાલુકાના ગામોમાં પણ પશુઓમાં લંપી વાયરસના કેસોને લઈને ચિંતા ખેડૂતો વ્યક્ત કરી રહ્યાં છે.

# બાગાયતી યોજનાનો લાભ લેવા આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકાશે

દાહોદ,

રાજ્ય સરકાર ફળપાક પ્લાન્ટિંગ મટીરીયલમાં, વધુ ખેતી ખર્ચવાળા ફળપાકો સિવાયના ફળ પાકો, અતિ ઘનિષ્ઠ ખેતી, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકોની યોજનાનો મહત્તમ લાભ લઇ શકે તે માટે આઇ-ખેડુત પોર્ટલ આગામી તા.૧૫ ઓક્ટોબર સુધી ખુલ્લુ મુકાયું છે તથા નેટહાઉસ -નળાકાર સ્ટ્રક્ચર, ફંક્શનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બાયો કંટ્રોલ લેબોરેટરી, નાની નર્સરી -૧ હેક્ટર, કોલ્ડ સ્ટોરેજ વગેરે પ્રોજેક્ટ બેઝ ઘટકો માટે પણ આઇ-ખેડુત પોર્ટલ આગામી તા.૩૧ ડિસેમ્બર સુધી ખુલ્લુ મુકાયું છે. આ સમયગાળા દરમ્યાન આઇ-ખેડુત પોર્ટલ (www. ikhedut. gujarat.gov.in) પર ઓનલાઇન અરજી કરવા જિલ્લાના નાયબ બાગાયત નિયામકએ જણાવ્યું છે. અરજી કર્યા બાદ સાધનિક કાગળો તથા પ્રોજેક્ટ સાથેની અરજી નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩, જિલ્લા સેવા સદન, દાહોદ (ટેલીફોન નંબરઃ ૦૨૬૭૩-૨૩૯૨૫૧) ઉપર દિન-૭માં મોકલી આપવાની રહેશે.

# સંજેલી ITI ખાતે આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ કેમ્પ યોજવામાં આવ્યો હતો




તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકાના ડુંગરા ગામ ખાતે આવેલ આઇ.ટી.આઇ.ખાતે સંજેલી આરોગ્ય ટીમ તથા નેહરૂ યુવા કેન્દ્ર ટીમ દ્વારા હેલ્થ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૮ જેટલા છોકરા છોકરીઓનું HB ટેસ્ટ કરવામાં આવ્યા. નાગરિકો સહિત બાળકોને સીકલ સેલ, આયુષમાન કાર્ડ વિશે સમજણ આપવામાં આવી હતી.

# ડુંગરા ખાતે કોંગ્રેસની મિટિંગ યોજાઈ : મોટા ભાગના લોકો કોંગ્રેસમાં જોડાયા



સંજેલી,

સંજેલી તાલુકાના ડુંગરા ખાતે કોંગ્રેસની મિટિંગ યોજાઈ હતી. જેમાં સેંકડો લોકો કોંગ્રેસમાં જોડાયા હતા. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક છે. ત્યારે પ્રજાને રીઝવવા માટેના પ્રયાસો શરૂ કોંગ્રેસ દ્વારા ડુંગરા ખાતે પીઢ નેતાઓની અદયક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ જોડાયા હતા.

# જૂનાગઢના વિસાવદરમાં દીપડાએ હુમલો કરતા એક વ્યક્તિનું મોત, બીજાની હાલત ગંભીર

જૂનાગઢ,

જૂનાગાઢ વિસાવદરમાં માનવભક્ષી દીપડાના આતંકના મોટા સમાચાર સામે આવી રહ્યા છે, આ વિસ્તારમાં દીપડાનો આતંક પહેલાથી જ જોવા મળી રહ્યો છે, ગઈકાલે મોડી રાત્રે વિસાવદરના જાંબુડી ગામે દીપડાએ બે વ્યક્તિ પર જીવણેણ હુમલો કર્યો છે, જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જેના લીધે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઇ ગઇ છે,આ ઘટનાની જાણ વન વિભાગને થતાં તે ઘટનાસ્થળે પહોચી હતી અને દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે અનેય વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ જૂનાગઢના વિસાવદરમાં દીપડાનો આંતકની અવાર નવારના સમાચાર આવતા હોય છે, આ ઘટનાથી હાલ ગામના લોકોમાં ભારે દહેશતનો માહોલ જોવા મળી રહ્યો ચે, ગામજનો ડરી ગયા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.27

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ગોધરા કલાલ દરવાજા વિસ્તારમાં

# ૧૦૦ વર્ષ જુની ઈમારતને પાલિકા દ્વારા તોડી પાડવામાં આવી



ગોધરા,

ગોધરાના કલાલ દરવાજા ખાતે આવેલી અંદાજે ૧૦૦ વર્ષ જૂની ઈમારતને નગરપાલિકાના ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં નગરપાલિકાની ટીમ દ્વારા તોડી પાડવામાં આવી હતી. જેના કારણે ત્યાં રહેતા મુકેશભાઈ લોહાણા એ ઓફિસરને કહ્યું હતું કે, તમે જવાબદાર વ્યક્તિ છો અને તમને ખબર છે કે, આ જૂની ઈમારત બાબતે હાઈકોર્ટમાંથી સ્ટે આવેલ છે અને નગરપાલિકાના વિરોધમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ છે. તે છતાં પણ નગરપાલિકાએ મનસ્વી રીતે હાઈકોર્ટના સ્ટે નો અનાદર કરી જુની ઈમારત તોડી પાડવામાં આવી હતી.

ગોધરાના કલાલ દરવાજા ખાતે ૧ થી ૧૪ પરિવારના લોકો વસવાટ કરે છે અને ૧૯૪૨ /૪૩ થી કબજો ધરાવે છે અને આની અંદર ચાર કોર્મશિયલ દુકાનવાળાઓને નગરપાલિકા દ્વારા ૧૯૮૩ થી ઠરાવ કરી આપેલ છે અને જમીનનું ભાડું તેમજ હાઉસ ટેક્સ લાઈટ કનેક્શન વગેરે જેવું આજદિન સુધી રેગ્યુલર ભરે છે. તે છતાં પણ ત્યાં રહેતા ૧૪ પરિવારના લોકો પર લેન્ડ ગ્રેબિનની ફરિયાદ દાખલ કરી ખોટી રીતે ફસાવવાની કોશિશ કરી હતી. માટે અમે જિલ્લા કલેકટરને રજૂઆત કરવા માટે ગયા હતા. જેથી કલેક્ટરે અમારી સામે એફઆઈઆર દાખલ કરવાની ધમકી આપતાં અમે હાઈકોર્ટમાંથી સ્ટે મેળવ્યો હતો. જેથી ગઈકાલે ૧૯/૯/૨૨ ના મુદત હતી. જેની નામદાર હાઈકોર્ટે ૧/૧૨/૨૨ મુદત આપવામાં આવી હતી.

## પાલિકા દ્વારા ઈમારતો તોડી નાખતાં વસવાટ કરતાં ૧૪ પરિવારોના લોકો દ્વારા વિરોધ કરાયો


ગોધરાના કલાલ દરવાજા ખાતે રહેતા મૂકેશભાઈ લોહાણા ગોધરાના કલાલ દરવાજા ખાતે શોપિંગ સેન્ટરમાં ૧૯૪૭ પછી જે વિસ્થાપિત કુટુંબનાં ૭ થી ૮ પરિવાર, નગરપાલિકાના કર્મચારીઓ અને ત્રણ કોમર્શિયલ દુકાનોને નગરપાલિકા એ ઠરાવ કરી ૧૯૮૩ થી જે તે સમયના ચીફ ઓફિસર અને પ્રમુખની સત્તા થી આપવામાં આવ્યું હતું. જેનું આજદિન સુધી વેરો જમીન ભાડું નગરપાલિકા વસૂલ કરે છે.

૧૯૯૨ માં નગરપાલિકાના ચીફ ઓફિસર અને સિટી એન્જિનિયરે જે તે વખતના પ્રમુખને ભલામણથી આ જગ્યાનો નકશો તૈયાર કર્યો હતો. જે વિસ્થાપિત માટે સામે કોમ્પ્લેક્સ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવ્યું છે. જેમાં ઉપરના ભાગ રૂમ ફાળવવા માટે ઠરાવ થયો હતો અને આગળ જતાં કોઈ કામગીરી ન થતાં આ પ્રશ્નો ૧૯૯૨ થી ૨૦૨૧ સુધી એમને એમ જ હતો.

રહિશો ઉપર લેન્ડ ગ્રેબીનની ફરિયાદમાં અમુક નગરપાલિકાના રાજકીય લોકો, ચીફ ઓફિસર તથા નગરપાલિકાના પવડી ખાતાના અધિકારીએ ભેગા મળીને આ જગ્યા ઉપર સોનાનો ઘડો દાટેલો હોય તેમ આ મિલકત હાથમાં આવી જાય અને નગરપાલિકાની તમામ દેવા ચૂકતા થઈ જાય તેમ ૧૪ વિસ્થાપિત પરિવારને હેરાન કરવા લેન્ડ ગ્રેબીનની અલગ અલગ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે જેમાંથી પાંચ લોકો પર ફરિયાદ દાખલ કરતા જેમાં ત્રણ જણના નિવેદન મેળવી લીધા હતા. જેમાં હાઈકોર્ટમાંથી આ જુની ઈમારતને તોડવાનો કોઈ ઓર્ડર આપેલ નથી. આથી, અમે સાત લોકોએ હાઈકોર્ટમાં દાવો દાખલ કરતા લેન્ડ ગ્રેબીન કેસમાં હાઈકોર્ટે સ્ટે આપેલ છે. નગરપાલિકા સારી રીતે જાણે છે. તેમ તેમ છતાં પણ આ માનસિક આર્થિક અને શારીરિક હેરાન કરવા માટે આજરોજ નગર પાલિકાની ટીમે હાઈકોર્ટના સ્ટેનો અનાદર કરી જૂની ઈમારતમાં તોડી પાડવામાં આવી હતી.

### ગોધરા સરકારી પગારદાર સોસાયટીમાં

# પાલિકાની પરમીશન વગર રોડ સાઈડ દબાણ કરી બાંધકામ થયેલ મકાનને પાણીની લાઈન આપતાં ચીફ ઓફિસરને લેખિત રજુઆત



ગોધરા,

ગોધરા સાયન્સ કોલેજ રોડ ઉપર આવેલ સરકારી પગારદાર સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ અંગે પાલિકા કચેરીમાં લેખિત રજુઆત એક વર્ષ અગાઉ કરવામાં આવી હતી. તેમ છતાં પાલિકા દ્વારા કાર્યવાહી ન કરતાં બાંધકામ પૂર્ણ કરેલ અને હાલ પાલિકા દ્વારા પાણીની લાઈન આપવામાં આવી હોય તે બાબતે પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા સાયન્સ કોલેજ રોડ ઉપર આવેલ સરકારી પગારદાર સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું હોય તે બાબતે ૧ વર્ષ પહેલા પાલિકા પ્રમુખને અને ચીફ ઓફિસરને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં પાલિકાએ ધ્યાન નહીં આપતાં બાંધકામ પૂર્ણ થયેલ હતું. ગેરકાયદેસર બાંધકામ થતાં ૧૪ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ નવા પાણી પુરવઠા અધિકારીને રજુઆત કરતાં બાંધકામ કર્તા દ્વારા કોઈપણ પ્રકારે પાણીના નાણાં ભરવામાં આવેલ નથી. તેવી લેખિતમાં જાણ કરાઈ હતી અને પાણીનું કનેકશન નહી આપવા ખાતરી આપી હતી અને ૨૦ સપ્ટેમ્બરના રોજ સરકારી પગારદાર સોસાયટીમાં થયેલ બાંધકામવાળા સથળે પાણીના કનેકશન માટે રોડ ખોદવામાં આવતાં પુછપરછ કરતાં પાલિકા કચેરીમાં પાણીના કનેકશન માટે પૈસા ભરાઈ જતાં કનેકશન આપવામાં આવી રહ્યું છે. જે બાંધકામ પાલિકાની પરવાનગી વગર ગેરકાયદેસર થયેલ હોય અને તેની જાણકારી પાલિકા કચેરીને હોવા છતાં પાણીનું કનેકશન આપવામાં આવતાં આ બાબતે આશિષ એન.પટેલ દ્વારા ગોધરા પાલિકા ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરી પરમીશન વગર મકાન બાંધકામ કેવી રીતે થયું અને રોડ સાઈડમાં થયેલ દબાણની તપાસ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# શહેરાના કાંકરી રોડ નજીક હાઈ લેવલ કેનાલમાં નશો કરેલ યુવક પડતા સહિસલામત બહાર કઢાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના કાંકરી તરફ રોડ નજીકથી પસાર થતી પાનમ હાઈલેવલ કેનાલમાં દારૂનો નશો કરેલ પરપ્રાંતીય યુવક પડતા સ્થાનિકો દ્વારા યુવકને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. કેનાલમાં ઝાડી ઝાંખરા ઉધી નીકળેલ હોવાની સાથે રેલીંગ નહી હોવાથી બનાવ બન્યો હતો.

શહેરા નગરમાં આવેલ સિંધી ચોકડી થી કાંકરી તરફ જતા માર્ગ નજીકથી પસાર થતી પાનમ હાઈ લેવલ કેનાલમાં એક પરપ્રાંતીય યુવક પડ્યો હતો. જેને લઈને આસપાસમાં રહેતા સ્થાનિક લોકો કેનાલ પાસે દોડી આવ્યા હતા અને કેનાલમાં પડેલા યુવકને બહાર કાઢવા માટેની કામગીરી હાથધરી સહી સલામત રીતે યુવકને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આમ, સ્થાનિક લોકોએ સમય સૂચકતા વાપરીને તાત્કાલિક કેનાલમાં પડેલા યુવકને બહાર કાઢતા મોટી ઘટના બનતા અટકી હતી. જોકે, પાનમ હાઈ લેવલ કેનાલમાં જે યુવક પડ્યો હતો. તે નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. ઉલ્લેખનીય છેકે, શહેરા નગર સહિત તાલુકાના કેટલાક ગામોમાંથી પાનમ હાઈ લેવલ કેનાલ પસાર થાય છે. જ્યાં રેલીંગના અભાવે કેટલાક લોકો કેનાલમાં પડી ગયા હોવાના બનાવો બની ચુક્યા છે. જેમાંથી કેટલાક લોકો મોતને પણ ભેટી ચુક્યા છે. એજ પ્રકારે કાંકરી રોડ તરફ નજીક પણ પાનમ હાઈ લેવલ કેનાલની આસપાસ રેલીંગ ન હોવાની સાથે ઝાડી ઝાંખરા ઉધી નીકળેલ હોવાથી અહીં કેનાલ છેકે નહીં તેવો ખ્યાલ આવતો નથી. જેના કારણે પરપ્રાંતીય યુવક કેનાલ પડ્યો હતો.

# ક્ષય વિભાગના કર્મીઓની પડતર માંગણીઓ સંદર્ભે દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ક્ષય વિભાગના કરારબદ્ધ કર્મચારી સંઘના સંઘ પ્રમુખ હેમાંશુ પંડ્યાએ જણાવ્યુ છે કે, અમે છેલ્લા પાંચ કરતા વધુ વર્ષથી સરકારના સક્ષમ અધિકારીઓ અને પદાધિકારીઓને લેખિત રજુઆતો તેમજ રૂબરૂ મળીને નિયમાનુસાર સંતોષવા લાયક તમામ માંગણીઓ સંતોષવા સતત વિનંતીઓ કરતા આવ્યા છીએ, તેમજ વચ્ચેના સમયમાં પેનડાઉન–દર્દીની સેવા સિવાયની તમામ કામગીરી સ્થગિત કરવા સાથે હડતાળ કરતા રહ્યા છીએ, પરંતુ નિષ્ફળ સરકારી નિતીઓને કારણે માત્ર આશ્વાસનો મળ્યા છે અને ક્ષય વિરૂધ્ધ સતત લડત આપી રહેલ કર્મીઓને માત્ર લોલીપોપો જ આપવામાં આવી રહી છે. ત્યારે ફરી એકવખત પોતાની સમસ્યા–પડતર માંગણીઓને લઈને તાજેતરમાં રજુઆત કરી અને શાંતિપ્રીય રીતે સરસકારની આંદોલન નિવારણ સમિતિ સહીત તમામને પત્રથી જાણ કરી સંભવીત હડતાલના અંતિમ સસ્ત્રથી અવગત કરાયા હતા અને સત્વરે નિરાકરણ લાવવા જણાવાયુ હતું પરંતુ સરકારમાં રહેલ આરોગ્યના ઉચ્ચ અધિકારી અને પદાધિકારીના અણઘડ આયોજનો, કાર્યકુશળતાનો અભાવ અને જાહેર આરોગ્ય તેમજ જાહેરહિતની પરવા વગર વેઠીયા પ્રથાનું માનસ ધરાવી ક્ષય વિભાગના કરારી કર્મીઓની હડતાલની પૂર્વ સુચનાને અવગણી આંદોલનની પરિસ્થિતી નિર્માણ કરી છે અને જાહેર આરોગ્ય સામે જોખમ ઉભુ કરેલ છે. જે વેદનાજનક રહ્યું છે. સંઘપ્રમુખના જણાવ્યાનુસાર વિવિધ પ્રકારની વ્યુહરચના સાથે હડતાલને ઉગ્ર બનાવાશે અને કચેરી–ઘરો સહિતના સથળે ઘેરાવના આયોજનો પણ થશે.

# દાહોદ જીલ્લા તાલીમ પ્રશિક્ષણ ખરેડી ફાઉન્ડેશન દ્વારા બુનિયાદી શિક્ષણ અભિયાનનો શુભારંભ કરાયો



દાહોદ,

જિલ્લા તાલીમ અને પ્રશિક્ષણ વિભાગ (DIET), ખરેડી–દાહોદ ખાતે પિરામલ ફાઉંડેશન દ્વારા દાહોદ જિલ્લામાં બુનિયાદી શિક્ષા અભિયાનનું શુભારંભ કરવામાં આવ્યું. બાળકોના શિક્ષણ સ્તરમાં સુધારો લાવી ભારત સરકારના નિપુણ ભારત મિશનને વેગ આપવો એ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. કાર્યક્રમમાં જિલ્લાના ૧૫૯ સી.આર.સી., ૦૯ બી. આર. સી., જિલ્લા તાલીમ અને પ્રશિક્ષણ વિભાગની ફેકલ્ટીસ તથા પિરામલ ટીમ દાહોદના સદસ્યો પ્રતિભાગી બન્યા હતા. પ્રોગ્રામ લીડર દશરથ પટેલ દ્વારા પિરામલ ફાઉંડેશનનું ઉદ્દેશ્ય, દાહોદ જિલ્લામાં વિવિધ કર્યો તથા બુનિયાદી શિક્ષણ અભિયાનના ઉદેશ્ય પર ચર્ચા કરવામાં આવી. તેમજ ડિસ્ટ્રિક લીડર વિવેક ચતુર્વેદી દ્વારા પ્રતિભાગીઓને વિડીઓના માધ્યમથી શાળામાં ભયમુક્ત વાતાવરણ બનાવવા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. શિક્ષણ સ્તરમાં સુધારો અને તેનાથી નીતિ આયોગ દ્વારા ગઠિત આકાંક્ષી જલ્લાના સૂચકાંકોમાં સુધારાના સબંધ વિશે પણ પ્રતિભાગીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. પિરામલ ટીમના ગાંધી ફેલો અજયસિંહ સોઢા, પુલકિત દોશી, સુજાતા ધાનકે અને સુરભી મહાજને મળીને કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો.

# નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા ગોધરા ખાતે અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું આયોજન કરાયું



ગોધરા,

પંચમહાલ જિલ્લા નાયબ બાગાયત નિયામક કચેરી દ્વારા એક દિવસીય અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું આયોજન ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ઉપસ્થિત મહિલા તાલીમાર્થીઓને કિચન ગાર્ડન વિશે માહિતી નાયબ બાગાયત નિયામક એન.આઈ.પટેલ દ્વારા અપાઈ હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલ મહિલાઓને મહિલા વૃતિકા યોજના વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. તેમજ આઈ–ખેડૂત પોર્ટલ પર અરજી કરવા અંગે માહિતી આપીને અરજી કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ હાજર રહેલ દરેક મહિલા લાભાર્થીઓને લીંબુના છોડનું અને મરચી, ટામેટાના બીજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદમાં બંધ મકાન માંથી તસ્કરોએ રોકડ અને દાગીના મળી ૧.૮૦ લાખની ચોરી કરતાં ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ એક બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી રોકડા રૂપીયા તેમજ સોના – ચાંદીના ચાંદીના મળી કુલ રૂા. ૧,૮૦,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ ઝાલોદ નગરમાં આવેલ ગોકુળધામ સોસાયટીમાં રાત્રીના કોઈપણ સમયે તસ્કરોએ સોસાયટીમાં રહેતાં સોમાભાઈ કસુભાઈ અડના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી મકાનમાં મુકી રાખેલ તિજોરી તોડી અંદરથી રોકડા રૂપીયા ૮૫,૦૦૦ અને સોના – ચાંદીના દાગીના કિંમત રૂા. ૯૫,૦૦૦ વિગેરેની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સોમાભાઈ કસુભાઈ અડ દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા શહેરના સિવિલ હોસ્પિટલની નજીકમાં આવેલ જૂની ક્રિષ્ના ટોકીઝના સામેના ખાંચામાં છુપી રીતે જુગારધામ ધમધમી રહ્યા હોવાની બુમો ઉઠી

ગોધરા,

ગોધરા શહેરના જૂની ક્રિષ્ના ટોકીઝ પાસે મેશરી નદીના કિનારે છુપી રીતે મોટા પાયે જુગારધામ ચાલી રહ્યા હોવાની અનેક બુમો ઉઠવા પામી છે. પોલીસ તંત્ર દ્વારા આ ચર્ચાને ધ્યાનમાં લઈને તપાસ હાથ ધરવામા આવે તે પણ જરૂરી.

ગોધરા શહેરના સિવિલ હોસ્પિટલ ની નજીકમાં આવેલ જૂની ક્રિષ્ના ટોકીઝના સામેના ખાંચામાં છુપી રીતે જુગારધામ ધમધમી રહ્યા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. તાડપત્રી બાંધીને પાછલા કેટલાક સમયથી જુગારધામ ચાલતુ હોય ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ ચર્ચાને ધ્યાનમાં લઈને મેશરી નદીના કિનારે ઓચિંતી રેડ કરવામાં આવે તેમ જાગૃત નાગરિકો પણ ઈચ્છા રહયા છે. પોલીસ તંત્ર દ્વારા મેશરી નદીના કિનારે અગાઉ પણ રેડ કરતા અહીંથી મોટું જુગારધામ પકડાયું હોય ત્યારે ફરીથી આ નદીના કિનારે છુપી રીતે જુગાર ચાલવા સાથે બીજી અન્ય ગેરકાયદેસર ચાલતી હોવાની પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. પોલીસ તંત્ર દ્વારા આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને છુપી રીતે ચાલતા ગોધરા શહેરના જુગાર ધામ પર ક્યારે રેડ કરાશે તે તો આવનાર દિવસોમાં ખબર પડી જશે તો નવાઈ નહી.

# દાહોદ તાલુકાના ચંદવાણા ગામે કરીયાણાની દુકાન માંથી ૬૮ હજારની મત્તાની ચોરી કરતાં તસ્કરો

દાહોદ,

દાહોદ તાલુકાના ચંદવાણા ગામે આવેલ એક કરીયાણાની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી દુકાનમાંથી રોકડા રૂપીયા સહિત કરીયાણાનો સામાન મળી કુલ રૂા. ૬૮,૬૫૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામેલ છે.

ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ ચંદવાણા ગામે સંગાડીયા ફળિયામાં ગામમાં રહેતાં રમેશભાઈ ગણપતભાઈ બામણની કરીયાણાની દુકાનમાં રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કર્યો હતો અને દુકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાં મુકી રાખેલ ખાદ્ય તેલના નાના મોટા ડબ્બા નંગ. ૪૨, એક બોરી તુવેર દાળ, એક બોરી વટાણાની દાળ, એક બોરી ખાંડ, ૨ ગોળની પેટી, તમાકુંના પેકેટ તથા ગલ્લામાં મુકી રાખેલ પરચુરણ રોકડા રૂપીયા ૫૦૦૦ એમ કુલ મળી રૂા. ૬૮,૬૫૦ની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે રમેશભાઈ ગણપતભાઈ બામણે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.